# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : જયદીપ વૈષ્ણવ

### કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૦૭-૦૭-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## અષાઢી બીજની ઉજવણી :

આજે અષાઢી બીજે કચ્છી નવા વર્ષની કચ્છભરમાં ઉજવણી થઇ રહી છે.ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કચ્છી નવા વર્ષના અષાઢી બીજના વિશેષ અવસર પર લોકોને શુભેચ્છા પાઠવી છે.

પ્રધાનમંત્રીએ X પર પોસ્ટ કરતાં કહ્યું હતું કે,મારા વ્હાલા કચ્છના ભાઈઓ બહેનોને આષાઢી બીજ કચ્છી નવા વર્ષની દિલથી ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.મારા કચ્છમાં વસતા દરેક કચ્છી આગળ વધે અંને સુખ શાંતિ ને સમૃધ્ધિ કાયમ રહે તેમજ આખા વિશ્વમાં તેમની નામના વધે એવી માં આશાપુરાને પ્રાર્થના કરું છું.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કચ્છમાં અને કચ્છ બહાર વસતા સૌ કચ્છી ભાઈ-બહેનોને અષાઢીબીજના પવિત્ર પર્વની શુભકામનાઓ પાઠવી હતી.લોકોએ એકમેકને નૂતન વર્ષની શુભેચ્છા આપી હતી.સવારથી મંદિરોમાં દર્શનાર્થીઓની ભીડ જામી હતી.શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વિવિધ કાર્યક્રમો સાથે કચ્છી નવા વર્ષની ઉજવણી કરાઇ હતી.ભુજમાં સ્વામિનારાયણ મંદિર આયોજિત જગન્નાથજી ભગવાનની રથયાત્રા નીકળી હતી.જેમાં બહોળી સંખ્યામાં ભાવિકો અને સંતો જોડાયા હતા.ઇસ્કોન દ્વારા પણ ભગવાન જગન્નાથ,સુભદ્રાજી અને બલરામજીને રથમાં બેસાડીને રથયાત્રા

કાઢવામાં આવી હતી.વિથોણમાં સંત ખેતાબાપાના સ્થાનકે પારંપરિક ઉજવણી કરાઇ હતી.જેમાં વહુઓએ વડીલોને સ્નાન કરાવ્યું હતું.

નલિયાના કાશી વિશ્વનાથ મંદિરે પાટોત્સવ ઉજવાયો હતો.કચ્છના લોકો માટે વરસાદ અને પાણી જ સર્વસ્વ છે તેથી અષાઢી બીજના અહીં નવા વર્ષની શરૂઆત થાય છે.દેશમાં જૂન-જૂલાઇ મહિનામાં કોઇ પણ સ્થળે નવુ વર્ષ ઉજવાતુ નથી,માત્ર કચ્છ ચોમાસાના પ્રારંભને નવા વર્ષ તરીકે આવકારે છે.

**NP-જયદીપ વૈષ્ણવ**

---

## કલેકટર-નેત્રાની મુલાકાત :

કચ્છના કલેકટર અમિત અરોરાએ નેત્રા ગામની મુલાકાત લઇ લોકોની મુશ્કેલીઓ જાણી હતી.તેમણે આરોગ્ય કેન્દ્ર પ્રાથમિક શાળા કન્યાશાળા,સસ્તા આજની દુકાનો,મધ્યાહ્ન ભોજન,બેન્કિંગ સેવા,આંગણવાડી કેન્દ્ર,ગ્રામ પંચાયત વગેરે જગ્યાની રૂબરૂ મુલાકાત લઈ ખૂટતી કડીઓ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આંગણવાડી તથા મધ્યાહ્ન ભોજનના બાળકો સાથે ગોષ્ઠિ કરી હતી.

**NP-જયદીપ વૈષ્ણવ**

---

## ભૂતનાથ મંદિર વિકાસ :

ભુજના ભૂતનાથ મહાદેવ મંદિર ખારી નદી સંકુલમાં 12 કરોડના ખર્ચે વિવિધ વિકાસ કામો કરવામાં આવશે.ઉત્તર ગંગાનદી પર ઘાટ,તર્પણવિધિ માટે ઘાટ,લોકોના ઉતારા માટે રૂમોની વ્યવસ્થા,ભોજનાલય,સપ્તઋષિ આશ્રમમાં વિકાસ કામો કરવામાં

કરવામાં આવશે.આ માટે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઇ ગઇ છે અને આગામી સમયમાં કામો શરૂ કરવામાં આવશે.

**NP-જયદીપ વૈષ્ણવ**

---

## હવામાન :

અષાઢી બીજ વાદળ કાં વીજ એ લોકવાયકા મુજબ આજે જો વરસાદ પડે તો તેને શુકનવંતો માનવામાં આવે છે.પણ આજે જિલ્લાભરમાં છવાયેલા મેઘાડંબર વચ્ચે કચ્છ કોરું રહ્યું હતું.તેની સાથે લોકોની મેઘમહેર માટેની પ્રતીક્ષા લંબાઈ હતી.દિવસભર ભેજનું પ્રમાણ ૭૦ થી ૮૦% જેટલું રહેતાં બફારો અનુભવાયો હતો.દરમ્યાન આવતીકાલે કચ્છમાં કેટલાક સ્થળોએ હળવાં વરસાદની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

**NP-જયદીપ વૈષ્ણવ**

---

## નલિયા સંકલન બેઠક :

અબડાસાના નલિયામાં પ્રાંત કચેરીએ મળેલી સંકલન બેઠકમાં પાણી,વીજળી સહિતના વિવિધ 16 પ્રશ્નો મુદ્દે ચર્ચા કરાઇ હતી.પ્રાંત અધિકારી કે.જે.વાઘેલાના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં ધારાસભ્ય પ્રધુમનસિંહ જાડેજાએ વિવિધ પ્રશ્નો રજૂ કર્યા હતા.પ્રાંત અધિકારીએ એ.ટી.વી.ટી.ના કામોના બાકી ચુકવણા કરવા,ખેતી સંલગ્ન સહાય ખેડૂતોને પૂરતા પ્રમાણમાં પ્રાપ્ત થાય તે બાબતે સૂચના આપી હતી.પશુધનને નિયમિત રસીકરણ,એટીવીટીના કામોમાં ગ્રાન્ટ મુજબ એસ્ટીમેટ બનાવવા, હાઇવે પર અકસ્માત રોકવાના પ્રયત્નો કરવા સહિતની તાકીદ કરાઇ હતી.

**NP-જયદીપ વૈષ્ણવ**

------------------------------------------------------------------------------------------

## માંડવી-સંવાદ કાર્યક્રમ :

માંડવી અને મુન્દ્રા તાલુકાના કિસાનોને લાંબ સમયથી સતાવતા પ્રાણ પ્રશ્નોના નિરાકરણ માટે માંડવી ખાતે સંવાદ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.જેમાં ઉપસ્થિત નર્મદા નિગમ અને સિંચાઇ વિભાગના અધિકારીઓએ બનતી ત્વરાએ ઉકેલ લાવવાની હૈયાધારણ આપી હતી.ધારાસભ્ય અનિરુદ્ધ દવેના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં કિસાનોએ નર્મદા કેનાલ અને એક મિલિયન એકર ફીટ વધારાના પાણી બાબતે રજૂઆત કરી હતી.

**NP-જયદીપ વૈષ્ણવ**

------------------------------------------------------------------------------------------